તુષાર એમ. ધોળકિયા, આઈ.એ.એસ.
સભ્ય સચિવ

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)
"જલસેવા ભવન", છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
ફેક્ષ : (૦૭૯) ૨૩૨૫૧૦૮૬
ફોન નં. : ૯૧-૦૭૯-૨૩૨૫૧૦૪૯, ૨૩૨૨૨૪૧૭
E-mail : msgwssb@gmail.com
Website : www.gwssb.gujarat.gov.in

ક્રમાંકઃ એમએસ/પીએ/ ૭૩ /૨૦૧૮ તા. ૨૬.૧૨.૨૦૧૮

પ્રતિ,

મુખ્ય ઈજનેરશ્રી

ઝોન-૧/૨/૩/૪/૫

વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ/જૂનાગઢ

પ્રોજેકટ ડાયરેકટર(અર્બન સેલ)

ગાંધીનગર

વિષય : <u>ખોદાણની કામગીરીમાં હાર્ડ રોકની આઈટમ બાબતે અગત્યની સુચનાઓ</u>

અત્રેની કચેરીમાં રજૂ થતી વિવિધ ટેન્ડર મંજુરીઓ તેમજ એકસેસ- સેવીંગ તથા એકસ્ટ્રા આઈટમની દરખાસ્તની ચકાસણી કરતાં માલૂમ પડેલ છે કે, ટેન્ડર અંતર્ગત થયેલ / થનાર હાર્ડ રોક ખોદાણની આઈટમ BOQ માં હોવા બાબતે તથા ખોદાણમાં જો હાર્ડ રોકનો જથ્થો એકસેસ કવોન્ટીટી અથવા એકસ્ટ્રા આઈટમ તરીકે ગણત્રીમાં લેવાનો થાય તેવા કિસ્સામાં દરખાસ્તમાં સરકારશ્રીના ધારાધોરણો અનુસાર નીચે મુજબની વિગતો રજૂ કરવાની રહેશે.

(૧) સર્વે દરમ્યાન/યોજનાકીય કામગીરી દરમ્યાન પાઈપલાઈન એલાઈન્મેન્ટની આજુબાજુના વિસ્તારમાં આવેલ હયાત કૂવા/બોરના સ્ટ્રેટાની વિગતો

(૨) એલાઈમેન્ટ પર ટ્રાયલપીટ/ટ્રાયલબોર કરી મળેલ સ્ટ્રેટાની વિગતો

(3) હાર્ડ રોક બાબતે પ્રથમ ભૂસ્તરશાસ્ત્રીનો અહેવાલ મેળવી રજૂ કરવાનો રહેશે.

(૪) હાર્ડ રોક બાબતે સરકાર માન્ય લેબોરેટરી કે " ગેરી" માં પેટ્રોગ્રાફિક ટેસ્ટના (Petrographic Test for Mineralogy of the Rock) પરિણામો આધારે હાર્ડ રોકનો પ્રકાર તથા પથ્થરની વિવિધ એન્જીનીયરીંગ પ્રોપર્ટી અંગે કરાયેલ પરિક્ષણો જેવા કે- કોમ્પ્રેસીવ સ્ટ્રેન્થ, ક્રશીંગ સ્ટ્રેન્થ, વોટર એબશોર્પશન, ડ્યુરેબીલીટી, વેધરીંગ ટેસ્ટના પરિણામો સામેલ રાખવાના રહેશે.

(૫) હાર્ડ રોકના ખોદાણમાંથી નીકળેલ જથ્થાનું સાઈઝ તેમજ એન્જીનીયરીંગ પ્રોપર્ટી આધારિત ઉપયોગી અને બિનઉપયોગી જથ્થામાં વર્ગીકરણ ( Classification ) કરાવવાનું રહેશે અને તે અંગેનો નિયત રેકર્ડ નિભાવવાનો રહેશે.

(૬) ઉપયોગી જથ્થા માટે સાઈટ ઉપર તેનો અલગથી સ્ટેક (Stack) કરી યોજનાકીય કામમાં મેશનરી-રબ્બલ, સોલીંગ, કોંક્રીટ-એગ્રીગેટ, રોડ મેટલ તરીકે ઉપયોગ થઈ શકે તે મુજબ ઈસ્યુ કરી તેનો રેકર્ડ નિભાવવાનો રહેશે. આ અંગેની નિયમાનુસાર વસૂલાત કરવાની રહેશે.

(૭) બીનઉપયોગી તેમજ ઉપયોગી પૈકી ફાજલ થયેલ હાર્ડ રોક જથ્થાની હરાજી કરી નિકાલ કરવાનો રહેશે.

(૮) જો હરાજી કરવામાં ન આવે તો ઉપયોગી જથ્થાની કિંમત જેટલી રકમની કપાત એજન્સીને ચૂકવવાના થતાં નાણાંમાંથી કરવાની રહેશે.

(૯) હાર્ડ રોક ખોદાણ માટે ઉપયોગમાં લેવાયેલ બ્લાસ્ટીંગ મટીરીયલની નિયમોનુસાર મંજૂરી/સાચવણી કરવાની રહેશે. ઉપયોગમાં લેવાયેલ જથ્થાની વિગતોનો રેકર્ડ નિભાવવાનો રહેશે.

(૧૦) જો ઉકત તમામ મુદ્દાની પૂર્તતા સાધનિક રેકર્ડ /પરિણામોની નકલ સહ કરવામાં આવેલ ન હોય તો હાર્ડ રોકની આઈટમને સોફ્ટ રોક તરીકે ગણી તે મુજબના દરે ચુકવણું કરવાનું રહેશે. આ માટે એજન્સી પાસેથી જરૂરી સંમતિ મેળવી લેવાની રહેશે જેથી ભવિષ્યમાં કોઈ કાનૂની બાબતો ઉપસ્થિત ન થાય.

ઉકત મુદ્દાઓની પૂર્તતા કર્યા બાદ જ દરખાસ્ત બોર્ડ કચેરીમાં મંજુરી અર્થે રજુ કરવાની રહેશે.

( તુષાર ધોળકિયા )

નકલ સવિનય રવાના પ્રતિઃ

(૧) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
(૨) વહીવટી સંચાલકશ્રી, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ, ગાંધીનગર
(૩) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો, ગાંધીનગર

નકલ રવાના પ્રતિઃ

(૧) મુખ્ય ઈજનેરશ્રી (ટેકનીકલ સેલ) ને જાણ તથા રજૂ થતી દરખાસ્તોમાં ઉપરોકત મુદ્દાઓની ચકાસણી થવા સારૂં.
(૨) મુખ્ય ઈજનેરશ્રી (યાંત્રિક) બોર્ડ કચેરી, ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં. થવા સારૂં.
(૩) નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી,ગાંધીનગરને જાણ તથા ઉપરોકત મુદ્દાઓની ચકાસણી થવા સારૂં.
(૪) માસ્ટર ફાઈલ